PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/પ૧/ક્વા–૦૩/૧૬–૧૭/ 265 તા. 28/01/17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
જશમતભાઈ વશરામભાઈ સોરઠીયા,
મોરબી રોડ ફાટક પાસે,,
નાગબાઈ મંદીર વાળો રોડ,
ઠાકોર દ્વાર,
મધુવન સ્કુલ ની બાજુમા,
કેશવ એપાર્ટમેન્ટ–૧,
પહેલો માળ,
રાજકોટ

**વિષય :–નવા ખેત જોડાણ બાબત**

**સંદર્ભ:– આપની અરજી , તા. ૧૦–૧૨–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :પ૧/ક્વા–૦૩/૧૬–૧૭ )**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. -.4.)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી જસદણ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, ત્રંબા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01 / A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૫૧/ક્વા-૦૩/૧૬-૧૭ કમિટિ મીટીંગ તા.૩૧-૧૨-૧૬ સ્થળ :-રાજકોટ

**પક્ષકાર નં.: -(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ: જશમતભાઈ વશરામભાઈ સોરઠીયા,ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: -(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, ત્રંબા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી જસદણ)**

**રજુઆત કરનાર :એ.ડી.સૈયદ, નાયબ ઈજનેર (ટેક), વિભાગીય કચેરી જસદણ**

## : હુકમ :

**ફરીયાદ : નવા ખેત જોડાણ બાબત**

**મુદદા નં.-૧ : પક્ષકાર નં. -(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે,તેઓ શ્રી ના '' ડેરોઈ ગામે આવેલ ખેતીવાડી સર્વે નંબર ૧૯/૧/ પૈકી ર મા'', નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની તા.૧૮-૧૧-૦૯ ના રોજ લેખીત અરજી નોંધાવેલ છે. ત્યારબાદ, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવતા સમયે, પીજીવીસીએલ ના જણાવ્યા મુજબ ના અધતન સ્થિતી ના દસ્તાવેજીક પેપર્સ, જે પીજીવીસીએલ ની કચેરી મા, નિયત સમય થી ૪૦ દિવસ મોડા રજુ કરાયેલ હોવાના કારણોસર, પીજીવીસીએલ કક્ષાએથી તેઓની સદર અરજી રદબાતલ કરાયેલ છે. સદર બાબત કુદરતી ન્યાય ના સીધ્ધાંત હેઠળ આવરી લઈ, તેઓ શ્રી ને સદર અરજી પરત્વે નવુ જોડાણ આપવાની કાર્યવાહી, જે પીજીવીસીએલ મારફત હાથ ધરવા બાબતે , અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |
| ૧.૨ | વિશેષ માં, અરજદાર શ્રી જણાવે છે કે, સદર અરજી મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ હોય, અને પીજીવીસીએલ તરફથી સદર મંજુરી ની પ્રક્રીયા અન્વયે નો પત્ર વ્યહવાર તેઓ સાથે કરેલ હોય તે સમયગાળા ના માહે મે-૨૦૧૬ સુધી ના,પીજીવીસીએલ તરફથી લખાયેલ કોઈ પત્રો - જે તેઓ શ્રી '' તેમના મુળ વતન - ડેરોઈ ગામ થી - રોજીરોટી માટે - રાજકોટ શહેર ખાતે - સ્થીર થયેલ હોય '' આવા કારણોસર- પીજીવીસીએલ તરફથી લખાયેલ કોઈ પત્રો તેઓ શ્રી ને મળેલ નથી. |
| ૧.૩ | આખરે પીજીવીસીએલ તરફથી, તેઓ શ્રી ને લખાયેલ એવો, તા.૩૧-૦૫-૧૬ નો આખરી નોટીસ પત્ર તેઓ શ્રી ને મળેલ છે. આ સમયે તેઓ શ્રી એ મુળ માંગણી મુજબ નુ સ્થળ એટલેકે ગામ: ડેરોઈ ના, સર્વે નંબર ૧૯/૧/ પૈકી ર વાળી જમીન, અન્ય ને વેચાણ આપી દીધેલ છે. એટલે વેચનારના નામે નામ બદલી કરવા અથવાતો તેમના નામ પર ની અન્ય જમીન પર સદર અરજી તબ્દીલ કરવા માટેનો, ઓછામા ઓછો ૯૦ દિવસ નો સમયગાળો, તેઓ શ્રી ને જરૂર હતો. પરંતુ, પીજીવીસીએલ તરફથી તેઓ શ્રી ને અપાયેલ તા.૩૧-૦૫-૧૬ ની આખરી અરજી પછી - ૯૦ દિવસ આપવાને બદલે, ૦૧ માસ પછી, એટલેકે તા.૨૯-૦૬-૧૬ ના રોજ, તેમને પીજીવીસીએલ તરફથી પત્ર નં. : ૫૧૯૦ આપી અને તેઓ શ્રી ની અરજી રદબાતલ કરેલ હોવાની, પીજીવીસીએલ તરફથી જાણકારી અપાયેલ છે. |
| ૧.૪ | જેના અનુસંધાને, તેઓ શ્રી એ, પીજીવીસીએલ મા તા.૦૯-૦૮-૧૬ ની લેખીત અરજી આપી અને, તેઓ શ્રી ને, તેમની સદર મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ અરજીને - માંગણી મુજબ ની જમીન નુ વેચાણ થયેલ હોય / તેઓ તેમના નામની અન્ય જમીન પર જોડાણ તબ્દીલ કરવા માંગતા હોય, તે મુજબ ની જમીન ની અધતન સ્થિતી ના દસ્તાવેજીક પેપર્સ આપવા માટે લેખીત અરજી પણ પીજીવીસીએલ ની સબંધક કચેરી મા આપેલ છે. તેમ છતા, પીજીવીસીએલ તરફથી તેઓ શ્રી ની સદર અરજી પરત્વે કોઈ કાર્યવાહી થયેલ નથી. |
| ૧.૫ | અંત મા, અરજદાર ફોરમ સમક્ષ ખાસ વિનંતી સહ જણાવે છે કે, તેઓ શ્રી અત્યંત ગરીબ પ્રકારના ખેડુત છે. સદર અરજી મંજુરી ની પ્રક્રીયા વાળા સમયે, તેઓ '' ગુજરાન ચલાવવા માટે - રોજીરોટી માટે, ડેરોઈ ગામ ને બદલે રાજકોટ શહેર મા રોજગારી માટે આવેલ હતા. તેમજ, આર્થિક સંજોગોના કારણોસર માંગણી મુજબ ની મુળ જમીન પણ તેઓ શ્રી એ વેચાણ આપી દીધેલ છે '' હવે તેઓ ને પીજીવીસીએલ ની ફાઈનલ નોટીસ તા.૩૧-૦૫-૧૬ થી, ૦૧ માસ થી વિશેષ એવી સમયમર્યાદા અપાયેલ નથી. આવા કારણોસર. તેઓ શ્રી ૦૧ માસ મા દસ્તાવેજીક પેપર્સ રજુ કરી શકેલ નથી. આ બાબતો ને વ્યાજબી રાહે અને ન્યાયિક રીતે મુલવી અને, તેઓ શ્રી ની, એક ગરીબ ખેડુત ની, વર્ષો જુની પ્રતિક્ષા ને નજર સમક્ષ રાખીને, તેઓ શ્રી ને સદર નવુ જોડાણ જે નામ બદલી , અન્ય સ્થળ તબ્દીલી કરી આપવા, અરજદાર શ્રી એ ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતા ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી એ, તેઓ શ્રી ના '' ગામ: ડેરોઈ'' ખાતે આવેલ ખેતીવાડી સર્વે નંબર ૧૯/૧ પૈકી ૨ મા – નવા ૦૫ હોપા ના, સામાન્ય યોજના હેઠળ ના, ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની તા.૧૮–૧૧–૦૯ ના રોજ અરજી નોંધાવેલ હતી. આ અરજી જે તે સમય ની સરધાર પેટા વિભાગીય કચેરી હેઠળ નોંધાયેલ હતી. ત્યારબાદ, .સદર સરધાર પેટા વિભાગીય કચેરી નુ વિભાજન થતા, વિભાજીત થયેલ નવી એવી, ત્રંબા પેટા વિભાગીય કચેરી હેઠળ, ફરીયાદી અરજદાર શ્રી ની અરજી વાળો વિસ્તાર સમાવિષ્ટ થયેલ હતો. સદર અરજી નો સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર નો ક્રમ: ૧૧૨૫૧ છે. |
| ૨.૨ | ત્યારબાદ, ફરીયાદી અરજદાર શ્રી ની ઉપરોક્ત મુદ્દા નં.૨.૧ મુજબ ની અરજી, જે પીજીવીસીએલ ના સબંધક એવી, વિગતે મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવતા સમયે, પીજીવીસીએલ ની ત્રંબા પેટા વિભાગીય કચેરી તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ને,(૧) તા.૨૦–૦૬–૧૫ ના રોજ પત્ર ક્રમાંક : ૧૧૨૫૧ તથા (૨) તા.૦૭–૧૧–૧૫ ના રોજ ના પત્ર નં. : ૪૫૧૦ – તેમ કુલ બે રજીસ્ટર્ડ ટપાલો, અરજદાર શ્રી ને, પાઠવી અને, પીજીવીસીએલ તરફથી, અરજી મા જણાવ્યા મુજબ ના સ્થળ અરજદાર સબંધક અદ્યતન સ્થિતી ના દસ્તાવેજીક પેપર્સ, અરજદાર શ્રી પાસેથી માંગવામા આવેલ હતા. પરંતુ, ફરીયાદી અરજદાર શ્રી તેઓ શ્રી ના માંગણી મુજબ ના '' ગામ : ડેરોઈ'' ખાતે રહેતા ન હોય, આવા કારણોસર, સદર બન્ને રજીસ્ટર્ડ ટપાલો, જે કચેરી મા, અનુક્રમે તા.૦૬–૦૭–૧૫ અને તા.૨૩–૧૧–૧૫ ના રોજ પરત આવેલ હતી. |
| ૨.૩ | આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૨.૨ મુજબ ની વિગતે ના, પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી ને લખાયેલ, કુલ ૦૨ રજીસ્ટર્ડ ટપાલો, કચેરી મા પરત આવેલ હોવાના કારણોસર, પીજીવીસીએલ કક્ષાએથી, ફરીયાદી અરજદાર શ્રી નુ રાજકોટ ખાતાનુ સરનામુ મેળવી અને, તા.૩૦–૦૧–૧૬ ના રોજ રજીસ્ટર્ડ ટપાલ નં.: ૯૬૦, જે રાજકોટ ખાતે રવાના કરાયેલ હતો. આ ટપાલ મા, ફરીયાદી અરજદાર શ્રી પાસેથી, દિન–૧૦ મા, અદ્યતન સ્થિતી ના દસ્તાવેજીક પેપર્સ માંગવામા આવેલ હતા. જે રજીસ્ટર્ડ ટપાલ ફરીયાદી અરજદાર શ્રી વતી, '' કોઈ – બી. જે. સોરઠીયા '' એ, તા.૦૪–૦૨–૧૬ ના રોજ સ્વીકારેલ હતો. પરંતુ, ફરીયાદી અરજદાર શ્રી તરફથી, માંગણી મુજબ ના સ્થળ / માંગણીદાર ને આનુષાંગીક એવા અદ્યતન સ્થિતી ના દસ્તાવેજીક પેપર્સ રજુ થયેલ ન હતા. |
| ૨.૪ | આમ, ઉપરોક્ત મુદ્દા નં.૨.૨ અને ૨.૩ મા દર્શાવ્યા મુજબ ની વિગતેના, અરજદાર શ્રી ને પીજીવીસીએલ તરફથી, કુલ ૦૩ પત્રો અપાયેલ હતા. જે માહેનો, મુદ્દા નં. ૨.૩ મુજબ ની વિગતે નો પત્ર, અરજદાર શ્રી ને તા.૩૦–૦૧–૧૬ ના રોજ મળેલ હોવા છતા, અદ્યતન સ્થિતી ના દસ્તાવેજીક પેપર્સ રજુ કરાયેલ ન હોવાના કારણોસર, પીજીવીસીએલ કક્ષાએથી ફરી એક વખત અરજદાર શ્રી ને, તા.૦૪–૦૫–૧૬ ના રોજ નો રજીસ્ટર્ડ ટપાલ નં.: ૩૭૯૬ – જે યાદીપત્ર તરીકે પાઠવી, અને દિન–૧૦ મા, સદર અદ્યતન સ્થિતી ના દસ્તાવેજીક પેપર્સ, પીજીવીસીએલ માં રજુ કરવાનુ ફરી એક વખત જણાવવામા આવેલ હતુ. આ રજીસ્ટર્ડ ટપાલ પણ અરજદાર શ્રી વતી ભરતભાઈ જસમતભાઈ સોરઠીયા એ તા.૦૯–૦૫–૧૬ ના રોજ સ્વીકારેલ હતી. પરંતુ, અરજદાર શ્રી તરફથી, પીજીવીસીએલ દ્વારા માંગવામા આવેલ સદર દસ્તાવેજીક પેપર્સ પીજીવીસીએલ મા રજુ કરાયેલ ન હતા. |
| ૨.૫ | આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૨.૩ અને ૨.૪ મુજબ ની વિગતે ના, રજીસ્ટર પત્રો, જે અરજદાર શ્રી એ, અનુક્રમે તા.૦૪–૦૨–૧૬ અને તા.૦૯–૦૫–૧૬ ના રોજ સ્વીકારેલ હોવા છતા, અરજદાર શ્રી તરફથી પીજીવીસીએલ મા અદ્યતન સ્થિતી ના દસ્તાવેજીક પેપર્સ રજુ કરાયેલ ન હતા. જેથી, પીજીવીસીએલ તરફથી ફરી એક વખત અરજદાર શ્રી ને, તા.૩૧–૦૫–૧૬ ના રોજ રજીસ્ટર્ડ પત્ર નં.: ૪૩૬૧ પાઠવી, અને યાદીપત્ર અપાયેલ હતો. જે અરજદાર શ્રી એ, તા.૦૮–૦૬–૧૬ ના રોજ સ્વીકારેલ પણ હતો. પરંતુ, અરજદાર તરફથી, પીજીવીસીએલ દ્વારા માંગવામા આવેલ અદ્યતન સ્થિતી ના દસ્તાવેજીક પેપર્સ પીજીવીસીએલ મા રજુ કરાયેલ ન હતા. |
| ૨.૬ | આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૨.૩ અને ૨.૪ મુજબ ની વિગતે ના કુલ ૦૩ રજીસ્ટર પત્રો, જે અરજદાર શ્રી એ અનુક્રમે તા.૦૪–૦૨ –૧૬, તા.૦૯–૦૫–૧૬ અને તા.૦૮–૦૬–૧૬ ના રોજ સ્વીકારેલ હોવા છતા, અરજદાર તરફથી, પીજીવીસીએલ દ્વારા માંગવામા આવેલ અદ્યતન સ્થિતી ના દસ્તાવેજીક પેપર્સ પીજીવીસીએલ મા રજુ કરાયેલ ન હતા. |
| ૨.૭ | આમ, અરજદાર શ્રી ની મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ, સદર સવાલવાળી સામાન્ય યોજના હેઠળ ના, ૦૫ હોપા ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી અન્વયે, પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ને મુદ્દા નં. ૨.૨ મુજબ ની વિગતે, ૦૨ રજીસ્ટર્ડ પત્રો મોકલવામા આવેલ હતા. જે, પરત આવેલ હતા. ત્યારબાદ, મુદ્દા નં. ૨.૬ મા વર્ણવ્યા મુજબ ની વિગતે ના કુલ ૦૩ રજીસ્ટર્ડ પત્રો મોકલવામા આવેલ હતા. તે તમામ ૦૩ પત્રો અરજદાર શ્રી એ સ્વીકારેલ હોવા છતા, અરજદાર શ્રી તરફથી પીજીવીસીએલ મા અદ્યતન સ્થિતી ના દસ્તાવેજીક પેપર્સ પીજીવીસીએલ મા રજુ કરાયેલ ન હતા. |

| | |
|---|---|
| **૨.૮** | આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૨.૭ મુજબ ની વિગતે, અરજદાર શ્રી તરફથી, તા.૩૦–૦૧–૧૬ થી તા.૩૧–૦૫–૧૬ સુધી ના કુલ ૦૪ માસ દરમ્યાન, જે કુલ ૦૩ પત્રો લખાયેલ હોવા છતા, અરજદાર શ્રી તરફથી, દસ્તાવેજીક પેપર્સ પીજીવીસીએલ મા રજુ થયેલ ન હોવાના કારણોસર – ફરીયાદી શ્રી નો સદર કેઈસ, જે દસ્તાવેજીક પેપર્સ રજુ કરવામા અત્યંત વિલંબીત વાળો હોવા છતા, દસ્તાવેજીક પેપર્સ મળેલ ન હોવાના કારણોસર – ફરીયાદી શ્રી ની સદર અરજી રદબાતલ કરવા માટે ના પીજીવીસીએલ તરફથી, પત્ર નં. : ૪૬૬૭, તા.૧૫–૦૬–૧૬ થી જસદણ વિભાગીય કચેરી ને દરખાસ્ત મોકલવામા આવેલ હતી. જેની મંજુરી, વિભાગીય કચેરી તરફથી મળેલ હતી. અને તે મંજુરી અન્વયે, જસદણ વિભાગીય કચેરી તરફથી, અરજદાર શ્રી ને, તા.૨૯–૦૬–૧૬ નો, રજીસ્ટર્ડ પત્ર નં.: ૫૧૯૦ પાઠવી અને – અરજદાર શ્રી ને, તેમની સદર અરજી રદબાતલ કરાયેલ હોવાની લેખીત જાણકારી આપવામા આવેલ હતી. |
| **૨.૯** | ઉપરોક્ત મુદ્દા નં. ૨.૮ મુજબ ની વિગતે ની, તેઓ શ્રી ની અરજી રદબાતલ થયેલ હોવા બાબતેના, તા.૨૯–૦૬–૧૬ ના રોજ ના પત્ર ના અનુસંધાને – અરજી રદબાતલ થયા તા.૨૯–૦૬–૧૬ પછી, તા.૦૯–૦૮–૧૬ ના રોજ, એટલેકે આશરે ૪૦ દિવસ પછી – અરજદાર શ્રી એ પીજીવીસીએલ મા, તા.૦૯–૦૮–૧૬ ના રોજ લેખીત અરજી આપી અને તેઓ શ્રી ની સદર અરજી પરત્વે, અદ્યતન સ્થિીતી ના દસ્તાવેજીક પેપર્સ મેળવવા માટે ની પ્રક્રીયાઓ માટે, વધુ સમય જરૂરી હોય, તે મુજબ ની લેખીત અરજી આપેલ છે. પરંતુ, મુળ અરજી રદબાતલ થઈ ચુકેલ હોય, જેથી મુળ અરજી જીવંત કરવા માટે, અરજદાર શ્રી ની સદર માંગણી યોગ્ય ન હોય, પીજીવીસીએલ તરફથી સ્વીકારવામા આવેલ નથી. જેથી, અરજદારે ફોરમ સમક્ષ સવાલવાળી અરજી કરેલ છે. |

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો. ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ની ઉપરોક્ત મુદ્દા નં. ૧.૧ મા વર્ણવ્યા મુજબ ની વિગતે ની, તેઓ શ્રી ના '' ડેરોઈ ગામે આવેલ ખેતીવાડી સર્વે નંબર ૧૯/૧/ પૈકી ૨ મા", ૦૫ હોપા ના નવા, સામાન્ય યોજના હેઠળ ના, ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની તા.૧૮–૧૧–૦૯ ના રોજ ની, સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર નો ક્રમ: ૧૧૨૫૧ હેઠળ નોંધાયેલ, લેખીત અરજી નોંધાયેલ અરજી, જે પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં. ૨.૨ મુજબ ની વિગતે, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવતા, પીજીવીસીએલ ની સબંધક આટકોટ પેટા વિભાગીય કચેરી તરફથી, અરજદાર શ્રી ને, સદર અરજી મા કરાયેલ માંગણી મુજબ ના સ્થળ ની, તેમજ અરજદાર શ્રી ની વૈદ્યાનીક સ્થિીતીની, અદ્યતન સ્થિીતી દર્શાવતા દસ્તાવેજીક પેપર્સ, અરજદાર શ્રી પાસેથી મેળવવા માટે, અરજદાર શ્રી ને, (૧) તા.૨૦–૦૬–૧૫ ના રોજ પત્ર ક્રમાંક : ૧૧૨૫૧ તથા (૨) તા.૦૭–૧૧–૧૫ ના રોજ ના પત્ર નં. : ૪૫૧૦ – તેમ કુલ ૦૨ રજીસ્ટર્ડ પત્રો, અરજદાર શ્રી ને પાઠવી અને, અરજદાર શ્રી પાસેથી માંગવામા આવેલ હતા. પરંતુ, ફરીયાદી અરજદાર શ્રી કે જેઓ, તેમના માંગણી મુજબ ના '' ગામ : ડેરોઈ'' ખાતે રહેતા ન હોવાના કારણોસર, સદર બન્ને રજીસ્ટર્ડ પત્રો – જે પીજીવીસીએલ ની સબંધક આટકોટ પેટા વિભાગીય કચેરી મા, અનુક્રમે તા.૦૬–૦૭–૧૫ અને તા.૨૩–૧૧–૧૫ ના રોજ પરત આવેલ હતા. આમ, આ સમયગાળા દરમ્યાન, ફરીયાદી અરજદાર શ્રી એ, તેઓ શ્રી નુ પત્ર વ્હયવાર નુ સરનામુ, પીજીવીસીએલ મા, અગાઉ લેખીત અરજી કરીને, સુવ્યવસ્થિત રીતે દર્શાવેલ ન હોવાના કારણોસર, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ તેઓ શ્રી ની સદર અરજી પરત્વે નો પત્ર વ્હયવાર, પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી સાથે થઈ શકેલ ન હતો. |
| **૩.૨** | તેમ છતા, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ની સદર અરજી મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ હોવાની જાણકારી આપી, અને અદ્યતન સ્થિીતી ના દસ્તાવેજીક પેપર્સ, અરજદાર પાસેથી મેળવવા માટે ના પ્રયત્નો ચાલુ રખાયેલ હતા. જે મુજબ, પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં.૨.૩ , ૨.૪, ૨.૫, ૨.૬ અને ૨.૭ મુજબ ની વિગતે ના, વારંવાર ના રજીસ્ટર્ડ પત્રો, અરજદાર શ્રી ને, યાદીપત્રો ના ભાગરૂપ પાઠવવામા આવેલ હતા. જે માહેના તા.૦૪–૦૨ –૧૬, તા.૦૯–૦૫–૧૬ અને તા.૦૮–૦૬–૧૬ ના રોજના રજીસ્ટર્ડ પત્રો, જે અરજદાર શ્રી એ, એકનોલેજમેન્ટ ની કાપલી મા સહી કરી અને સ્વીકારેલ હતા. આમ, પીજીવીસીએલ દ્રારા માંગવામા આવેલ અદ્યતન સ્થિીતી ના દસ્તાવેજીક પેપર્સ ની જાણકારી, જે અરજદાર શ્રી ને મળી ચુકેલ હોવા છતા પણ, અરજદાર પક્ષકાર તરફથી, સદર દસ્તાવેજીક પેપર્સ પીજીવીસીએલ મા રજુ કરાયેલ ન હતા. તેમજ, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ સદર અરજી ને, સંજોગોને આધિન રહીને, મુદત ની સમયમર્યાદા વધારી આપવા બાબતે ની, કોઈ લેખીત રજુઆત અરજી પણ પીજીવીસીએલ ની સબંધક આટકોટ પેટા વિભાગીય કચેરી મા રજુ કરેલ ન હતી. |

| | |
|---|---|
| **૩.૩** | આમ, પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં. ૨.૮ મુજબ ની વિગતે ના રજીસ્ટર્ડ પત્રો, જે સદર અરજી મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવતા સમયગાળા, એટલેકે તા. ૩૦–૦૧–૧૬ થી તા. ૩૧–૦૫–૧૬ સુધી ના કુલ ૦૪ માસ દરમ્યાન જે કુલ ૦૩ પત્રો, પીજીવીસીએલ પક્ષકાર તરફથી અરજદાર શ્રી ને પાઠવેલ હોવા છતા, તેમજ સદર ૦૩ રજીસ્ટર્ડ પત્ર અરજદાર શ્રી ને મળી ચુકેલ હોવા છતા, અરજદાર પક્ષકાર તરફથી, પીજીવીસીએલ દ્વારા માંગવામા આવેલ એવા નિયમાધીન અંતર્ગત ના, સદર દસ્તાવેજીક પેપર્સ, અથવાં તો નવા જોડાણ મેળવવા માટે ની મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ સદર અરજી ની, સંજોગોવસાત ની સમયમર્યાદા મા વધારો મેળવવા માટે ની લેખીત અરજી, જે ફરીયાદી અરજદાર શ્રી તરફથી, પીજીવીસીએલ મા રજુ થયેલ ન હતી. |
| **૩.૪** | ઉપરોક્ત મુદ્દા નં. ૩.૩ મુજબ ની વિગતે ના કારણોસર, ફરીયાદી શ્રી ની સદર અરજી રદબાતલ કરવા માટે ના પીજીવીસીએલ તરફથી, પત્ર નં. : ૪૬૬૭, તા.૧૫–૦૬–૧૬ થી, જસદણ વિભાગીય કચેરી ને, નિયમાધીન અંતર્ગત ની સમયમર્યાદા હેઠળ વિધીસર ની દરખાસ્ત મોકલવામા આવેલ હતી. જસદણ વિભાગીય કચેરી તરફથી, સદર દરખાસ્ત ને મંજુર કરાયેલ હતી. આમ, ફરીયાદી અરજદાર શ્રી ની, મુળ તા.૧૮–૧૧–૦૯ ની અરજી ને, રદબાતલ કરવાની, પીજીવીસીએલ ની નિયમાધીન અંતર્ગત ની કાર્યવાહી હેઠળ, જસદણ વિભાગીય કચેરી તરફથી કાયદેસર ની મંજુરી મળેલ હતી. અને સદર મુજબ ની, ફરીયાદી અરજદાર શ્રી ના નવા જોડાણ ની, સવાલવાળી અરજી, જે પીજીવીસીએલ કક્ષાએથી, નિયમાધીન કાર્યવાહી અંતર્ગત રદબાતલ થયેલ હોવાની જાણકારી પણ, પીજીવીસીએલ ની જસદણ વિભાગીય કચેરી તરફથી, અરજદાર શ્રી ને, તા.૨૯–૦૬–૧૬ નો, રજીસ્ટર્ડ પત્ર નં. ૫૧૯૦ પાઠવી અને અપાયેલ હતી. આમ, ફરીયાદી અરજદાર શ્રી ને, તેમની સદર અરજી રદબાતલ કરાયેલ હોવા બાબતેની, પીજીવીસીએલ તરફથી અપાયેલ લેખીત જાણકારી અન્વયે નો પત્ર પણ મળી ચુકેલ છે. |
| **૩.૫** | પીજીવીસીએલ કક્ષાએ મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ એવી, ફરીયાદી શ્રી ની તેઓ શ્રી ના " ડેરોઈ ગામે આવેલ ખેતીવાડી સર્વે નંબર ૧૯/૧/ પૈકી ૨ મા", ૦૫ હોપા ના નવા, સામાન્ય યોજના હેઠળ ના, ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની તા.૧૮–૧૧–૦૯ ના રોજ ની નોંધાયેલ અરજી, કે જેમા સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર નં. ૧૧૨૫૧ છે, તે અરજી, જે ઉપરોક્ત મુદ્દા નં. ૩.૪ મુજબ ની વિગતે ની, પીજીવીસીએલ ના નિયમાધીન અંતર્ગત ની કાર્યવાહી હેઠળ રદબાતલ થઈ ચુકેલ છે. જેથી ફરીયાદી અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની મુદ્દા નં.(૧) મા દર્શાવ્યા મુજબ ની વિગતે ની, સદર અરજી જીવંત રાખી, અને તે અન્વયે નવુ જોડાણ આપવાની કાર્યવાહી હાથ ધરવા સબબ ની, ફરીયાદી અરજદાર શ્રી ની માંગણી, જે ફોરમ કક્ષાએથી નિયમાધીન રીતે ગ્રાહ્ય રહેલ નથી. ફરીયાદી અરજદાર શ્રી ને તે મુજબ ની જાણકારી આપવાનો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧, ૩.૨, ૩.૩ અને ૩.૪ મા વર્ણવ્યા મુજબ ની વિગતો ને આનુષાંગીક રહેતા, મુદ્દા નં. ૩.૫ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ની મુખ્ય માંગણી મુજબ ની, તેઓ શ્રી ની મુળ તા.૧૮–૧૧–૦૯ ની અરજી જીવંત રાખી અને, તે અન્વયે નવુ જોડાણ આપવાની પ્રક્રીયા ચાલુ રાખી. અને તે પ્રમાણે નવુ જોડાણ મેળવવા માટે ની, ફરીયાદી અરજદાર શ્રી ની મુખ્ય માંગણી, જે ફોરમ કક્ષાએથી નિયમાધીન રીતે ગ્રાહ્ય રહેલ નથી. ફરીયાદી અરજદાર શ્રી ને તે મુજબ ની જાણકારી આપવાનો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી હુકમ થયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાપે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત અંગે હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થયો જરૂરી છે.